


Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-17 ■ તા. 5-5-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## સમગ્ર દેશમાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત્, તાપમાન ૪૭ ડિગ્રીએ જઈ શકે



નવીદિલ્હી,તા.૪

સમગ્ર દેશમાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત્ છે. કેટલાય રાજ્યોમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. બિહારના પટણામાં ગરમીના લીધે પ્રી-સ્કૂલ, આંગણવાડી સ્કૂલો સવારના સાડા દસ વાગ્થી સાંજના ચાર વાગ્યા સુધી બંધ રાખવા આદેશ આપવામાં આવ્યો છે.

ભારતીય હવામાન વિભાગે ૭મી મે સુધી દેશના કેટલાક ભાગોમાં હીટવેવની સ્થિતિની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દેશના પૂર્વી અને દક્ષિણ દ્વીપકલ્પના પ્રદેશોમાં ચાલી રહેલ હીટવેવનો સ્પેલ ૭મી મે સુધી ચાલુ રહેવાની અને પછી ઓછી થવાની ધારણા છે. ઉત્તર પૂર્વ ભારતમાં આગામી બે દિવસ, ૫ અને ૬ મે દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ માટે નારંગી ચેતવણી પણ જારી કરવામાં આવી છે. ભીષણ ગરમી અને લૂના લીધે કેટલાક રાજ્યોમાં સ્કૂલો બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. છત્તીસગઢમાં ૧૫ જુન સુધી રજા જાહેર કરવામાં આવી છે. ઝારખંડમાં હાલ પૂરતી રમતગમત અને બહારની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લગાવી દેવાયો છે.

ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ મહારાષ્ટ્ર, ઓડિશા, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, મરાઠવાડા, તમિલનાડુ, પુડુચેરી, કરાઇકલ, આંધ્રપ્રદેશ, યાનમ, રાયલસીમા, તેલંગણા અને કર્ણાટકના આંતરિક હિસ્સામાં હીટવેવ યથાવત રહેશે. આ રાજ્યોમાં હીટવેવ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આસામ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરા, મણિપુર, કોંકણ, કેરળ અને તટીય કર્ણાટકમાં હવામાન ગરમ અને ભેજવાળું રહેશે. રાયલસીમા અને દક્ષિણ કર્ણાટકના આંતરિક હિસ્સામાં રાત્રિ દરમિયાન પણ તાપમાન ગરમ રહેશે. જ્યારે આંધ્રના દરિયાકિનારા અને તેલંગણામાં તાપમાન ૪૪ ડિગ્રી રહેશે.

૫ મે માટે આઈએમડીએ – મરાઠવાડા, સૌરાષ્ટ્ર, કચ્છ, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ, યાનમ, ગંગા પશ્ચિમ બંગાળ, ઝારખંડ, મધ્ય મહારાષ્ટ્ર, રાયલસીમા, તેલંગાણા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને આંતરિક કર્ણાટક માટે હીટવેવની સ્થિતિની આગાહી કરી છે. વધુમાં, આઈએમડીએ તેલંગાણા, તમિલનાડુ, સૌરાષ્ટ્ર, કચ્છ, પુડુચેરી, કરાઈકલ અને ઉત્તર આંતરિક કર્ણાટકના અલગ-અલગ સ્થળોએ હીટવેવની સ્થિતિ માટે યલો એલર્ટ પણ જારી કર્યું છે.

## રાહુલ ગાંધી પાસે ૫૫ હજાર રોકડ, ભાગીદારીમાં જમીન, કાર-ફ્લેટ નથી

નવીદિલ્હી,તા.૪

લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાનને હવે ત્રણ દિવસ જેટલો સમય બાકી છે. તે પહેલા રાહુલ ગાંધીએ શુક્રવારે રાયબરેલી બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે રાયબરેલીથી રાહુલ ગાંધીને ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા.રાહુલ ગાંધીએ સોંગદનામાં પોતાની સંપત્તિની સંપૂર્ણ વિગતો આપી હતી. સોંગદનામાં મુજબ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને રાયબરેલી બેઠકના ઉમેદવાર રાહુલ ગાંધી પાસે ૯.૨૪ કરોડ રૂપિયાની જંગમ અને ૧૧.૧૫ કરોડ રૂપિયાની સ્થાવર મિલકત છે. તેઓ કુલ રૂપિયા ૨૦ કરોડના માલિક છે. આ ઉપરાંત સોંગદનામાં અનુસાર તેમની પાસે કોઈ વાહન કે ફ્લેટ નથી. તેમજ માત્ર રૂપિયા ૫૫ હજાર રોકડા અને રૂપિયા ૨૬.૨૫ લાખ બેક્રમાં જમા છે. આ સિવાય રાહુલ ગાંધીના નામે રૂપિયા ૪.૩૩ કરોડના શેર અને રૂપિયા ૧૫.૨૧ લાખના ગોલ્ડ બોન્ડ છે. કોંગ્રેસ નેતા પાસે ૪.૨૦ લાખ રૂપિયાની જ્વેલરી અને ૩.૮૧ કરોડ રૂપિયાના મ્યુચ્યુઅલ ફંડ છે.

આ ઉપરાંત રાહુલ ગાંધીએ સોંગદનામાં આપેલી માહિતી અનુસાર તેમની પાસે દિલ્હીના મહરૌલીમાં ખેતીની જમીન છે. જેમાં બહેન પ્રિયંકા ગાંધી અને સાળા રોબર્ટ વાડ્રા પણ તેમાં ભાગીદારી છે. ગુરુગ્રામમાં તેમના નામે એક ઓફિસ પણ છે, જેની કિંમત ૯ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

## શું અમિત શાહનો પુત્ર ક્રિકેટ બેટ પકડવાનું જાણે છે, તે બીસીસીઆઈનો સચિવ છે,આપ સાંસદ સંજયસિંહ

નવીદિલ્હી,તા.૪

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદે ફરી એકવાર ભાજપ પર પ્રહારો કર્યા છે. તેમણે અમિત શાહના પુત્ર જય શાહના બીસીસીઆઈ સેક્રેટરી હોવા પર કટાક્ષ કર્યો હતો. તેમણે પૂછ્યું કે શું અમિત શાહનો પુત્ર બેટ પકડવાનું જાણે છે? પરંતુ, તેઓ બીસીસીઆઈના સચિવ છે. આ સાથે આપ સાંસદે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ નિશાન સાધ્યું છે.આપ સાંસદ સંજય સિંહે કહ્યું, 'અમિત શાહનો દીકરો જાણે છે કે ક્રિકેટ બેટ કેવી રીતે પકડવું? તેઓ બીસીસીઆઈના સચિવ છે અને અમારા પરિવારના પુત્રો ૧૭ વર્ષની ઉંમરે યુવાન થઈ જશે અને ૨૧ વર્ષની વયે નિવૃત્ત થઈ જશે. મોદીજી ૭૩ વર્ષમાં ત્રીજી વખત તક ઈચ્છે છે અને ૨૧ વર્ષનો સૈનિક નિવૃત્ત થઈને ઘરે બેસી જશે. આ લોકો આત્યંતિક પરિવારવાદી છે. પોતાના પરિવાર અને મિત્રો વધારવા સિવાય પીએમ મોદી, અમિત શાહ કે બીજેપી પાસે કોઈ કામ નથી.

## જિલ્લામાં એક જ વર્ષમાં ૩૫,૭૭૫ ટુવ્હીલર અને ૨૦,૭૭૧ ફોરવ્હીલર નોંધાયાં



શહેરમાં માસ ટ્રાન્સપોર્ટેશનના અભાવે ખાનગી વાહનોની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. ટ્રાફિકની સમસ્યા હોવા છતાં ગાંધીનગર આરટીઓમાં વાહનોની નોંધણી વધી રહી છે. કોરોના કાળમાં બે વર્ષ નબળા રહ્યા બાદ ગત વર્ષથી ફરી વાહનોના બજારમાં તેજી આવી છે જેના પરિણામે વાહનોની ખરીદીમાં નોંધપાત્ર ઉછાળો થયો છે. ૧લી એપ્રિલ ૨૦૨૩થી ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીના એક જ વર્ષમાં ગાંધીનગર આરટીઓમાં ૬૯,૯૦૯ વાહનો નોંધાયા છે.ગાંધીનગર આરટીઓને ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં ૨૫૦ કરોડ રૂપિયાની વાહન નોંધણીની આવક થઈ છે.

નાણાકીય વર્ષમાં કુલ ૬૯,૯૦૯ વાહનોની નોંધણી થઈ છે. જેમાં સૌથી વધુ ૩૫,૭૭૫ ટુ-વ્હીલર્સ, ૨૦,૭૧૭ ફોર વ્હીલર, ૩,૧૧૮ થ્રી વ્હીલર, ૨,૧૬૦ બસ અને ૨,૫૦૦ હેવી વ્હીકલ્સની નોંધણી થઈ છે. તે ઉપરાંત ૫,૬૩૯ ઈ-વ્હીકલ્સની પણ નોંધણી થઈ છે. ગાંધીનગર આરટીઓને નોંધણીની કમાણીમાં બમ્પર વધારો થયો છે. તો બીજી તરફ વાહનના વેચાણમાં પણ ગાંધીનગર જિલ્લામાં સતત વધારો જોવા મળી રહયો છે. તેની સાથે રજીસ્ટ્રેશનની ઈનકમ પણ વધતી જોવા મળી રહી છે.

ઉપરાંત આરટીઓમાં દરેક નવી ટુ-વ્હીલર અને ફોર વ્હીલરની સિરીઝમાં પોતાના પસંદગીના ગોલ્ડન અને સિલ્વર નંબર લેવા માટે ઓનલાઈન ઓક્શનમાં ભાગ લઈ લાખો-કરોડોની બોલી લગાવતા હોય છે. જેના કારણે પણ આરટીઓની આવકમાં વધારો થતો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આ રીતે ચોઈસના નંબર મેળવવા માટે કુલ ૧૨,૪૩૬ અરજીઓ આવી હતી. જેના કારણે ૯.૪૭ લાખની આવક થઈ હતી.

ઈલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા આવા વાહનોની ખરીદીમાં સબસિડી પણ આપવામાં આવે છે. પરંતુ સબસિડી મળવામાં ઘણો સમય લાગે છે.

## ગુજરાતીઓએ માત્ર ત્રણ માસમાં ૧૫૦૦૦ કરોડ રૂપિયાના સોનાની ખરીદી કરી જેમાંથી ૬૦૦૦ કરોડની જ્વેલરી લીધી

મંદાર દવે ગુજરાતીઓ ભલે એકના અડધા કરાવવામાં માહિર હોય પરંતુ રોકાણ અને રિસ્ક બાબતે વિશ્વમાં ટોચનું સ્થાન ધરાવે છે તેમ કહેવું ખોટું નથી. છેલ્લા કેટલાક મહિનાઓથી સોનાની કિંમત સતત વધી રહી છે છતાં સલામત રોકાણનો કોઇ વિકલ્પ નથી તેવી માન્યતા વચ્ચે જાન્યુઆરીથી માર્ચ એમ ત્રણ માસમાં જ ૨૨ ટનથી વધુ સોનું ખરીદી લીધું છે .

જેની મૂલ્યમાં કિંમત એવરેજ મુજબ સરેરાશ રૂ.૧૫૦૦૦ કરોડથી વધુ થાય છે. જેમાં રોકાણ મુદ્દે જ સરેરાશ રૂ.૯૦૦૦ કરોડનું સોનું ખરીદ કરાયું છે જ્યારે રૂ.૬૦૦૦ કરોડની જ્વેલરી ખરીદ કરવામાં આવી છે. મહત્વની વાત એ છે કે સતત વધી રહેલી કિંમતો વચ્ચે પણ ગુજરાતીઓ રોકાણ મુદ્દે સોનાને પ્રાધાન્ય આપી રહ્યાં છે. દેશમાં માર્ચ ક્વાર્ટરમાં સોનાની માંગ વાર્ષિક ધોરણે વધીને ૧૩૬.૬ ટન થઈ હતી. માત્ર રોકાણકારોએ જ નહિં પરંતુ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (ઈમેં) દ્વારા સોનાની આક્રમક ખરીદી કરી ગોલ્ડ રિઝર્વમાં વધારો કર્યો છે. બૂલિયન એનાલિસ્ટોના મતે ગુજરાતમાં ભલે જાન્યુઆરીથી માર્ચ સુધીમાં ૨૨ ટન સોનું આવ્યું હોય પરંતુ સરેરાશ ૨૮.૩૦ ટનથી વધુ સોનાનું વેચાણ થયું છે.

## ગાંધીનગર સંસદીય મત વિસ્તારના સેકટર- ૧૫ કોર્મસ કોલેજ ખાતે આવેલા મત ગણતરી સેન્ટર અને સ્ટ્રોંગ રૂમની મુલાકાત લેતાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવે





લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ના મતદાનની ઘડીઓ નજીક આવી રહી છે. ત્યારે ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં મત ગણતરી સેન્ટર અને સ્ટ્રોંગ રૂમની મુલાકાત જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેએ લીધી હતી. તેમણે મત ગણતરી સેન્ટર ખાતે એ.આર.ઓ. સહિત સંબંધિત અધિકારીઓ સાથે સુચારું આયોજન અંગે સમીક્ષા બેઠક કરી હતી.

લોકસભા સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૦૭મી મે, ૨૦૨૪ના રોજ યોજાનાર છે. મતદાન સવારના ૭.૦૦ કલાક થી સાંજના ૬.૦૦ સુધી યોજાનાર છે. મતદાન વધુ થાય તેના માટે જિલ્લા ચૂંટણી તંત્રએ અથાગ પ્રત્યન કરીને મતદાન જાગૃત્તિના અનેક કાર્યક્રમ કરવામાં આવ્યા છે. તેમજ સમગ્ર લોકસભાની ચૂંટણી ન્યાયિક અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પણ તંત્રએ અનેકવિધ મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. મતદારોને મતદાન મથક પર તકલીફ ન પડે તે માટે તમામ મતદાન મથકો ખાતે પાર્કિંગ, પીવાના પાણી, છાંયડા માટે મંડપ, છાશ, ઓ.આર.એસ જેવી અનેક પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મતદાનની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારબાદ ઇ.વી.એમ. મશીન સુરક્ષિત રીતે સ્ટ્રોંગ રૂમ સુધી પહોંચે તેવી સુચારું વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગાંધીનગરના સેકટર- ૧૫ની સરકારી કોર્મસ કોલેજ ખાતે આવેલ સાત વિધાનસભા મતદાર વિભાગના સ્ટ્રોંગ રૂમની મુલાકાત જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેએ લીધી હતી.

## સાદરામાં ભાજપના કાર્યકર્તા સાથે મળી બિલ્ડરે જક્ષણી માતાના મંદિરે જવાનો રસ્તો બંધ કરી દીધો



સાબરમતી નદીના કિનારે આવેલા સાદરા ગામમાં જક્ષણી માતાજીનુ પૌરાણિક મંદિર આવેલુ છે. દર પૂનમના દિવસે અહિયા આસપાસમાંથી અનેક શ્રદ્ધાળુઓ દર્શાનાર્થે આવતા હોય છે. ત્યારે ગામના બિલ્ડરે ભાજપના કાર્યકર્તા સાથે મળીને મંદિરે જવાના રસ્તા ઉપર દબાણ કરી દીધુ છે અને રસ્તા ઉપર માટીથી પુરાણ કરી દેવામાં આવ્યુ છે. જેને લઇ ગામના પૂર્વ સરપંચે સ્થાનિક ધારાસભ્ય અને સાંસદને આ બાબતમાં ધ્યાન ઉપર લેવા રજૂઆત કરી છે.સાદરા ગામમાં આવેલા જક્ષણી માતાજીનુ મંદિર સાબરમતી નદીના કિનારે આવેલુ છે. ત્યારે મંદિરે જવા માટે ઢોળાવ વાળા રસ્તા ઉપરથી જવુ પડે છે. આ સ્થિતિમાં મંદિરે જવાના રસ્તા ઉપર બિલ્ડર દ્વારા માટીનુ પુરાણ કરીને રસ્તો પુરી દેવામાં આવ્યો હોવાનો આક્ષેપ પૂર્વ સરપંચ સુનિલભાઇ શાહ દ્વારા કરવામાં આવ્યો છે. તેમણે કહ્યુ છેકે, મંદિર તરફ જતા રસ્તા ઉપર ચોમાસામાં સમગ્ર ગામનુ પાણી જાય છે, તેવી સ્થિતિમાં રસ્તાને માટી નાખી પૂરી દેવામાં આવતા ગામનુ પાણી નદીમાં જવાની જગ્યાએ ઘરમાં આવશે.અમદાવાદના બિલ્ડર અને ગામના સ્થાનિક તથા ભાજપના સંયોજક દ્વારા ત્રણ વર્ષ પહેલા રેસીડેન્સીયલ સ્કીમ મુકવામાં આવી છે. આગોતરા આયોજનના ભાગરૂપે ગ્રામ પંચાયતમાં ઠરાવ કરી ૭૦ ટકા માટીનુ પુરાણ કરી દેવામાં આવ્યુ છે. પુરાણ કરવામાં ચોમાસાના પાણીના નિકાલનો પણ વિચાર કરાયો નથી. તે ઉપરાંત મંદિરે જવાના રસ્તાનો પણ વિચાર કર્યો નથી. ગામના સરપંચ પાસે ઠરાવ માંગવામાં આવતા આપવામાં આવતો નથી, જેથી તેમની પણ મિલીભગત જોવા મળી રહી છે.

તંત્રી લેખ......

## અમેરિકાની કંપની એપલની મોટી જાહેરાત, ૯ લાખ કરોડથી વધુના શેરનું ઐતિહાસિક બાયબેક કરશે

આઈફોન ઉત્પાદક કંપની એપલે ૨૦૨૪ના કેલેન્ડર વર્ષમાં ૧૧૦ અબજ ડોલર એટલે કે ૯ લાખ કરોડથી પણ વધુ રકમના રેકોર્ડતોડ અને ઐતિહાસિક બાયબેકની જાહેરાત કરી છે. અમેરિકન શેરબજારના આટલા વર્ષોના ઈતિહાસમાં આટલી જંગી બાયબેક કોઈપણ કંપનીએ કરી નથી. આ પહેલા એપલે ૨૦૧૮માં જ ૧૦૦ અબજ ડોલર એટલે કે ૮ લાખ કરોડનું જંગી બાયબેક કરીને તે સમયે પણ રેકોર્ડ સર્જયો હતો. એપલે ૨૦૨૪ના કેલેન્ડર વર્ષના પ્રથમ ક્વાર્ટરના પરિણામની જાહેરાતની સાથે આ બાયબેક કાર્યક્રમની જાહેરાત કરી લોકોને અચંબામાં મૂકી દીધા હતા.અમેરિકાના શેરબજારના ઈતિહાસમાં ટોચના દસ શેર બાયબેકમાં છ બાયબેક એપલના છે અને ત્રણ બાયબેક ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટના છે. ડેટા અનુસાર એપલની તાજેતરની જાહેરાત ગયા વર્ષે જાહેર કરવામાં આવેલા ૯૦ અબજ ડોલરના બાયબેક કરતાં ૨૨ ટકા વધું છે. શેર બાયબેક ઉપરાંત એપલે ૨૫ સેન્ટનું ડિવિડન્ટ પણ જાહેર કર્યુ છે, જે અગાઉના ક્વાર્ટર કરતાં એક સેન્ટનો વધારો છે, જે સતત ૧૨મા ત્રિમાસિક ગાળામાં વધેલા શેરધારકોની ચૂકવણીને ચિહ્નિત કરે છે. એપલના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ટિમ કુકે જણાવ્યું હતું કે કંપનીએ ભારતમાં મજબૂત બે આંકડાનો વિકાસ નોંધાવ્યો છે અને માર્ચ ક્વાર્ટરમાં આવકનો નવો રેકોર્ડ બનાવ્યો છે. કંપનીએ માર્ચ ત્રિમાસિક ગાળામાં ૯૦.૮ બિલિયન ડોલરની આવક નોંધાવી છે.

## દહેગામના એક ગામના પરિણીત પ્રેમી-પંખીડાનો લીંબડીયા કેનાલમાં પડતું મુકી આપઘાત, બુધવારે ઘરેથી નીકળી ગયા હતા

દહેગામ તાલુકાના એક ગામના પરણિત પ્રેમી પંખીડાએ બુધવારે ઘરેથી નીકળી જતાં પરિવારજનોએ શોધખોળ આદરી હતી. આ દરમ્યાન એકબીજાને શરીરે દુપટ્ટો બાંધેલ હાલતમાં બંનેના મૃતદેહ લીંબડીયા નર્મદા કેનાલમાંથી મળી આવતાં ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.દહેગામ તાલુકાના એક ગામના પ્રેમી પંખીડાએ નર્મદા કેનાલમાં પડતું મૂકીને આપઘાત કરી લેતાં ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર દહેગામ તાલુકાના એક ગામમાં રહેતા ૨૦ વર્ષિય યુવક અને ૧૯ વર્ષની યુવતી વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. બુધવારે રાત્રે બંન્ને જણાં ઘરે કોઈને કહ્યા વિના નીકળી ગયા હતા. જેની જાણ થતાં બંને પરિવારજનોએ ચારે દિશામાં શોધખોળ આદરી હતી. પરંતુ બંનેનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો.



આ દરમ્યાન લીંબડીયા નર્મદા કેનાલમાં લાશો તરતી હોવાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ કેનાલે દોડી ગઈ હતી. બાદમાં એકબીજાના શરીરે દુપટ્ટો બાંધેલી હાલતમાં બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. બનાવના પગલે બંનેના પરિવારજનો પણ કેનાલ ઉપર દોડી આવ્યા હતા. જ્યારે ઘટનાની જાણ થતાં ડભોડા પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

આ અંગે ડભોડા પોલીસે વધુમાં ઉમેર્યું હતું કે, યુવક અને યુવતી બંને પરિણીત હતા. યુવકને એક સંતાન પણ છે. બુધવારે બંને જણા ઘરેથી નીકળી ગયા હતા. અને કેનાલમાં પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. એકબીજાનો સાથ છૂટે નહીં એ માટે બંનેએ શરીરે દુપટ્ટો પણ બાંધી દીધો હતો. હાલમાં અકસ્માતે મોતનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. બંનેની અંતિમ ક્રિયાઓ પછી પરિવારજનોની પૂછતાંછ કરવામાં આવશે.

## પત્રાવળી-૪૪

સૌ ટપાલરાહી મિત્રો !

અમદાવાદથી જુગલભાઈનાં સંભારણાં.
આપણે સૌએ પત્રાવલિને બહાને પત્રો વહેંચ્યા. પત્રથાળીમાં કાંઈ કેટલીય વાનગીઓ પીરસી. આપણે અંદરોઅંદર તો જમ્યાં ખરાં જ પણ આ પંગતમાં તો અનેકોનેય જમાડ્યાં !

આ જમણવાર, જમનારાં અને વાનગીઓ તો ઠીક મારા ભૈ, પણ થાળી અને પંગતની રીતભાતોય હવે બદલી ગઈ છે. પત્રાવલિ હવે કાગળરૂપી પાંદડેથી (નેટના) પડદે આવી ગઈ ! બેસવાના પાટલાની જગ્યાએ ઉભડક ને હરતીફરતી વ્યવસ્થા થઈ ગઈ ! શાહી સુકાઈ ગઈ ને સુકાયેલી જ રહેનારી શાહી મઢાઈ રહી. કક્કો હવે ઘૂંટવાને બદલે ટપકાવવાનો થયો. છેકાછેકી જે દષ્યમાન રહેતી તે હવે ડિલીટાઇ જઈને અદષ્ય થવાથી લખનારાંના મનમાંની અવઢવ હવે વંચાઈ જતી નથી. મનમાં ભરેલું જેને બહાર નહોતું આવવા દેવાનું તેમાંનું કેટલુંક છેકાછેક થકી જાદુગરની મુઠ્ઠીની જેમ છે છે, નથી નથી રહેતું 'તું તેય ગયું !

મિત્રો, ટપાલ હંમેશાં રાહની વેદના અને આવે તો ઉત્સવની બાબત બની રહી છે.

છેક ૧૯૬૪ની કાચી આછી જુવાનીના સમયે જોડકણારૂપ રચના થયેલી તે આજના આ પત્રસંદર્ભે રજૂ કરું છું.

આજેય ના 'વીપ

અવ કાલ આવશે,

આશાભર્યો એમ જ કૈં દિનોથી

ઝૂરી રહ્યો દર્શન કાજ તાહરાં.

તું આવશે તોપ(ફટ રે ભૂંડા 'તો' !)

સત્કારવા આંગણિયે ઉતાવળો

આવીશ ને બેઉ કરો થકી તને
ચાંપીશ હૈયે.

ભીંજાવીને સ્નેહ થકી હું માહરા

ખોલીશ તારું દિલ મુગ્ધ હૈયે;

જાણીશ તારા ઉરની કથા સૌ

મારો અજંપો ઉરનો શમાવવા.

સંદેશ કોઈ મમ કાજ લાવ-

ટપાલ દેવી ! ઝટ આવ આવ.

(ટપાલી,ભાઈ ! ટપ્-આલ આલ !! )

રાહ જોવાની વાત આવે ત્યારે પિયુ અને પત્ર બન્નેને એક સાથે સંભારવાં પડે. મહેમાનો પણ એક જમાનામાં રાહ જોવાનો વિષય હતા, પરંતુ મહેમાનોની રાહ જોવાની તક આપનાર પણ ટપાલ જ હતી ને ! ટપાલથી જાણ થાય કે મહેમાન આવવાના છે ત્યારે જ તેમની રાહ જોવાનો અવસર સાંપડતો.
હવે તો ટપાલની જેમ જ મહેમાનો પણ રાહ જોવાનો વિષય રહ્યા જ નથી

મહેમાનો રાહ જોવડાવ્યા પછી સદેહે હાજર થઈને ધરપત આપે છે. સાથે કેટલીય વાતો, વ્યવહારો, જાણકારી, નિર્ણયો વગેરે લઈને આવે છે ત્યારે ટપાલ તો આવ્યા પછીય એક નવી જ ઝણઝણાટી, ઈન્તેજારી, ક્યારેક અકળામણો, તો ક્યારેક આંખોને નિતારી દેનારા સમાચારો આપી જાય છે. આપણે, કે આપણા વાચકો શું કહી શકે કે ટપાલના કેટલા પ્રકારો હોઈ શકે ?

જવાબ અઘરો છે છતાં કહી શકાય કે જેટલાં મોકલનારાં એટલા એના પ્રકારો ! ટપાલ લખનારાના જેટલા પ્રકાર, એટલા ટપાલના પ્રકાર ! દરેક ટપાલને પોતાનું એક નાનકડું જગત હોય છે. ટપાલ પોતાના હૈયામાં – શબ્દો અને પંક્તિઓની વચ્ચે કોણ જાણે કેટકેટલું સંતાડીને રજૂ થાય છે ! એને ઉકેલવા માટેય એની સમકક્ષતા જોઈએ ને ?

ટપાલી સરકારી નોકર હોવા છતાં સ્વજન બની રહેતો હતો તે કાંઈ અમસ્તો ?! આજે હવે ટપાલ આંગળીને ટેરવે છે. ટપાલની રાહ એ ભૂતકાળનો વિષય બની રહી છે. એની રાહ જોવાની વેદના અને એના આવ્યાનો ઉત્સવ આજની પેઢીને માટે અજાણ્યો પ્રદેશ ગણાય.

આપણે સૌએ આ આખો યુગ પાછો યાદ કરવા–કરાવવાની ચેષ્ટા કરી. કેટલું સફળ થયાં તે તો આપણા વાચકો જ કહી શકે, જો કહે તો !

''પત્રાવલિ'' એ આપણ સૌને એ જમાનાની ઝાંખી જો કરાવી હોય તો આ દાખડો લેખે લાગ્યો ગણાશે.

સૌને આવી રહેલી શારદી પૂર્ણિમાના અભિનંદન !

મારાં કેટલાંક હાઈકુ આ ઋતુવિશેષે –

ભાદરવાના

ચોખ્ખાં આભે ચાંદલો

રાજ ભોગવે.

વર્ષાએ દીધો

લીલો વૈભવ; ચાંદો

રાતરખોપે.

વર્ષા, જલથી

નવડાવે ધરાને;

શારદ દૂધે.

દિવાળી કાજે

ચાંદની શરદની

ધોળતી ભીંતો.

શ્રી ઉમાશંકરની એક પંક્તિ પણ :

વેગે ભરી સરી જતી શુચિ વાદળો પે,

હેમંતને શરદ નૂતન વર્ષ સોંપે.

અમદાવાદથી સ્નેહસ્મરણ
જુગલકિશોર.

## એક ચિત્રકાર નું દોરેલું ચિત્ર પેઇન્ટિંગ દિવાલો ઉપર હસતા દેખાય છે. જે જોઈને ખૂબ જ આનંદ આવે છે



કહેવાય છે કે કોઈપણ કલાના માધ્યમથી તે કલા મા ખૂબ જ રસ અને આનંદ હોય તો તે આપણને ખૂબ જ ગમે છે એ જ રીતે ઋતિક વિજયભાઈ સુથાર (એમ .એ. પરીખ ફાઇન આર્ટ્સ કોલેજ પાલનપુર )જે વિદ્યાર્થીઓએ આજરોજ બનાસકાંઠાના ભારતીય જનતા પાર્ટીના લોકસભાના લોકલાડીલા ઉમેદવાર ડોક્ટર રેખાબેન ચૌધરી જાહેર સભાનું આયોજન ડીસા ખાતે આયોજન કરવામાં આવ્યું. જે કાર્યક્રમમાં ભારતના યશસ્વી લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી જાહેર સભાને સંબોધવા માટે આવેલા. જે સંદર્ભે ચિત્રકાર ઋતિક સુથારે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ તથા માતૃશ્રી હીરાબા સાથેનું સુંદર પોતાની આગવી સૃષ્ટિ ચિત્ર તૈયાર કરી આવેલ તેમજ કાર્યક્રમની અંદર આવેલા પરિવારના મિત્રોએ સાથે મોબાઈલમાં ફોટો લઈને આનંદની લાગણી અનુભવી હતી તેમજ માન્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબન સભા સંબોધતી વખતેને ચિત્રકાર ઋતિક સુથારે દૂરથી ચિત્ર દર્શાવી આનંદની લાગણી અનુભવીતિ અને માન્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે શુભેચ્છાઓ પાઠવી હતી. વિશેષ આ કાર્યક્રમમાં સુંદર ફોટો સ્કેચ તૈયાર કરી લાવવા બદલ ચંદુભાઈ એટીડી (ચિત્રકાર..... રાજ્ય અને રાષ્ટ્રીય પારિતોષિક ચિત્ર શિક્ષક, ડીસા) કે જેઓએ ચિત્રકાર ઋતિક સુથારને પોતાના શૈક્ષણિક ચિત્રકલા વ્યવસાયમાં ખૂબ આગળ વધી ઉમદા કાર્ય કરો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ સભાની અંદર આવેલા પરિવારોએ પણ આ ચિત્ર જોઈને ખૂબ જ શુભેચ્છાઓ પાઠવી હતી વિનોદ બાંડીવાળા



નવા વાડજ વિસ્તારમાં આવેલા તુલશીશ્યામ જૈન સંઘ ખાતે નવા જયઘોષસૂરિ આરાધના ભવન નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ વિજય જયસુદંરસૂરિશ્વરજી મહારાજ તથા પૂજય શ્રીમદ્ વિજય પ્રેમસુંદરસૂરિશ્વરજી મહારાજ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. ધણા સમયથી સાધુ ભગવંતો માટે ઉપાશ્રય ની જરૂરીયાત હતી તુલશીશ્યામ ફ્લેટ માં ટુંક સમયમાં જ સુંદર ઉપાશ્રય બનાવી દેવામાં આવ્યો હતો. આવેલા લાભાર્થી પરીવાર નું સન્માન કરવામાં આવ્યું હતું સાથે તેમના નામની તકતી નું અનાવરણ મહારાજ સાહેબના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રોગ્રામ પત્યા પછી નવકારશી કરવામાં આવી હતી.

## અમદાવાદ ખાતે સમસ્ત મહાજનનો વાર્ષિક ઉત્સવ યોજાશે – ડો. ગિરીશ શાહ

સમસ્ત મહાજન વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, પ્રાણીઓની સુખાકારી માટે પ્રયત્નશીલ રહે છે.૧૯૯૬ ના દાયકાના અંતમાં, ચમત્કાર જેવી ઘટનાએ ગિરીશભાઈનાં જીવનનો માર્ગ બદલી નાખ્યો. તેમને જીવદયાનાં કર્યો કરવાની સલાહ મળી. સમસ્ત મહાજને ઓગસ્ટ, ૨૦૦૨માં કામ કરવાનું શરૂ કર્યું હતું. સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશભાઈ શાહે એક સૂત્ર સાથે આગળ વધવાનું શરૂ કર્યું. "સેવા અને રક્ષણ કરો". ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. વર્તમાન સમયમાં ડૉ. ગિરીશભાઈ શાહ જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ડૉ. ગિરીશભાઈ શાહના નોંધપાત્ર યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમને અને સમસ્ત મહાજનને જીવદયા રત્ન, પર્યાવરણ સંરક્ષણના



ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ઈન્દિરા પ્રિયદર્શીની વૃક્ષમિત્ર એવાર્ડ, આચાર્ય ચાણક્ય – ૨૦૨૦ સહિત અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે. ગ્રામીણ વિકાસના ભાગ રુપે ૭૫ નવા તળાવો તૈયાર કરવામાં આવ્યા છે અને ૧ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે, સમસ્ત મહાજન દ્વારા દેશમાં અનેક પાંજરા પોળોને મદદ કરવામાં આવી છે.
સમસ્ત મહાજન મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતના અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં મુંબઈ ખાતે રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશીર્વાદથી 'અર્હમ અનુકંપા' પ્રોજેક્ટ હેઠળ સુપર સ્પેશીયાલીટી એનીમલ એમ્બ્યુલન્સની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત સેંકડો જીવોને સ્થળ પર જ સારવાર તેમજ અભયદાન પ્રાપ્ત થયું છે અને તેમની જિંદગીઓ પણ બચી છે. સમગ્ર ભારતમાં આ પ્રકારની એમ્બ્યુલન્સ સરકાર તેમજ સમાજ અને સંસ્થાઓનાં માધ્યમથી થાય તે માટે ડૉ. ગિરીશભાઈ શાહ સતત કાર્યશીલ છે. તે છેલ્લા કેટલાક વર્ષોથી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય તરીકે પણ પોતાની સેવા આપી રહ્યા છે. આજે સમસ્ત મહાજનની સેવાભાવી પ્રવૃતિઓ આ વિશ્વને સુંદર બનાવવામાં તેનું યોગદાન આપી રહી છે.

## સાવરકુંડલાના દેવળાગેટ વિસ્તારમા જનમેદની ઉમટી, લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને મળ્યુ જંગી સમર્થન




તારીખ ૨/૫/૨૪ ના રોજ ભાજપના ગઢ ગણાતા દેવળા ગેઈટ સાવરકુંડલા ખાતે અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના સમર્થનમા ભવ્ય સભાનુ આયોજન થયુ જેમા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા એ અબકી બાર ચારસો પાર નારા સાથે પોતાના વક્તવ્યમા દેશ માટે તમારો મત મોદી નેપ દેશ માટે, પ્રજા હિત માટે મોટા નિર્ણય લેવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને પ્રચંડ જન સમર્થન આપો તેવી અપીલ કરી.આ સભામા જિલ્લા ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રવીણભાઈ સાવજ, જિલ્લા અ.જા.પ્રમુખ કેશુભાઈ વાધેલા,શહેર ભાજપ મહામંત્રી શ્રી રાજેશભાઈ નાગ્રેચા,નગરપાલીકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી,ઉપપ્રમુખ પ્રતિક ભાઈ નાકરાણી, કા.ચેરમેનઅશોકભાઈ ચૌહાણ નગરપાલિકા હોદેદારશ્રીઓ, ચેરમેનશ્રીઓ સદસ્યશ્રીઓ, શહેર સંગઠન હોદ્દેદારશ્રીઓ હાજર રહ્યા હતા.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યુ